સમગ્ર દેશમાં હિટવેવથી ૨૦૦ના મોત

દેશના મોટાભાગના રાજ્યમાં પારો ૪૫ સુધી પહોંચ્યો : લોકોને બિનજરૂરી બહાર નહીં નિકળવાની ચેતવણી

નવી દિલ્હી,તા. ૨૩

સમગ્ર ઉત્તરભારતમાં કાળઝાળ ગરમીનું મોજું ફરી વળ્યું છે. પારો સતત વધી રહ્યો છે. દેશના કેટલાક ભાગોમાં પારો ૪૭ સુધી પહોંચી ગયો છે. આવી સ્થિતિમાં મોટી સંખ્યામાં લોકોના મોત પણ થઈ ચુક્યા છે. એકબાજુ ઉત્તર ભારતમાં ગરમીનો પ્રકોપ રહ્યો છે ત્યારે બીજીબાજુ છેલ્લા ત્રણ દિવસના ગાળામાં જ આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં ગરમીના કારણે ૨૦૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. તેલંગાણા અને આંધ્રપ્રદેશના કેટલાક ભાગોમાં હિટવેવથી લોકોની હાલત કફોડી બનેલી છે. લોકો બન્ને રાજ્યોમાં આજે પણ મુશ્કેલ સ્થિતિમાં રહ્યા હતા. જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યવસ્ત થઈ ગયું છે. બન્ને રાજ્યોમાં ઘણી જગ્યાએ પારો ૪૭ની આસપાસ પહોંચી ગયો છે. તેલંગાણામાં હોસ્પિટલોમાં ગરમી સાથે સંબંધિત રોગના દર્દીઓનો ભરાવો જોવા મળી રહ્યો છે. સનસ્ટ્રોક અથવા તો લુ લાગવાના લક્ષણો સાથેના સૌથી વધુ દર્દીઓ જોવા મળી રહ્યા છે. આંધ્ર સરકાર દ્વારા તમામ જિલ્લાઓમાં ઈમરજન્સી મેડિકલ ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. અધિકારીઓ દ્વારા ગરમીથી બચવા માટે પોતાના રક્ષણ માટે કોઈ સાધનના ઉપયોગ કર્યા વગર દિવસમાં ઘરની બહાર ન નિકળવાની ચેતવણી આપી છે. પારો ૪૫ની ઉપર પહોંચી ગયો છે. હવામાન વિભાગે હિટવેવની ચેતવણીને અતિતીવ્ર કેટેગરીમાં મુકી દીધી છે. આગામી ત્રણ દિવસ દરમિયાન હાલત વધુ કફોડી બની શકે છે. અદિલાબાદ, નિઝામાબાદ, કરીમનગર, મેઢક, વારંગલ, હૈદરાબાદ, નાલગોંડા, મેહબુબનગર જેવા જિલ્લાઓમાં વધુ ગરમી પડવાની આગાહી કરવામાં આવી છે. આંધ્રપ્રદેશમાં પૂર્વ ગોદાવરી, પશ્ચિમ ગોદાવરી, ક્રિશ્ના, ગંતુર, પ્રકાશમ, નેલ્લોર, કડાપા, કર્નુલ જેવા વિસ્તારોમાં વધુ ગરમીનો અનુભવ લોકો કરી શકે છે. આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં હજુ સુધીનો સૌથી વધુ ગરમીનો રેકોર્ડ ૪૮.૮ ડિગ્રી વિજયવાડામાં રહ્યો છે. વિજયવાડામાં ૧૧મી મે ૨૦૦૨ના દિવસે સૌથી વધુ ગરમી નોંધાઈ હતી અને પારો ૪૮.૮ સુધી પહોંચી ગયો હતો. પ્રથમ વખત તીવ્ર ગરમીના કારણે આટલા ટૂંકાગાળામાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. તેલંગાણા અને આંધ્રપ્રદેશ સરકારે પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને લોકોને ગરમીથી કઈ રીતે બચવુ જોઈએ તે અંગે સલાહ આપવા સામૂહિક જનજાગૃતિ ઝુંબેશ હાથ ધરવા ફિલ્ડ લેવલના અધિકારીઓને આદેશ કર્યો છે. ઓરિસ્સામાં પણ હિટવેવ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે, લોકોને ઘરમાં જ રહેવાની ફરજ પડી રહી છે. ઓરિસ્સામાં હિટવેવના કારણે હજુ સુધી ૨૩ લોકોના મોત થઈ ચુક્યા છે. પશ્ચિમ બંગાળમાં પણ આવી જ હાલત બનેલી છે. અહીં હિટ સ્ટ્રોકના કારણે એકનું મોત થયું છે. જેથી મૃતાંક વધીને ૪ થયો છે. પંજાબ અને હરિયાણામાં પણ પારો સતત વધી રહ્યો છે. જેથી લોકો બેહાલ થયેલા છે.

પાંચમી વખત મુખ્યમંત્રી બની કરૂણાનિધિના રેકોર્ડની બરોબરી કરી

જયલલિતાની તમિળનાડુના મુખ્યમંત્રી તરીકે તાજપોશી

ચેન્નાઈ,તા. ૨૩

તમિળનાડુના મુખ્યપ્રધાન તરીકે જયલલિતાએ આજે સવારે ૧૧.૦૫ વાગ્યે મદ્રાસ યુનિવર્સિટીના ઓડિટોરિયમમાં તમામ સ્ટાર કલાકારો, ઉદ્યોગપતિઓ, રાજકીય પક્ષોના નેતાઓ વચ્ચે શપથ લીધા હતા. આની સાથે જ છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો છે. રાજ્યપાલ કે. રોસૈયા દ્વારા જયલલિતાને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવાયા હતા.જયલલિતાની સાથે અન્ય ૨૮ પ્રધાનોએ પણ શપથ લીધા હતા. ૬૭ વર્ષીય જયલલિતા હવે તમિલનાડુના ૨૯માં મુખ્યમંત્રી બન્યા છે. સાથે-સાથે પાંચ વખત મુખ્યમંત્રી બની ચુકેલા ડીએમકેના નેતા કરુણાનિધિના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. સમગ્ર દેશને હચમચાવી મુકનાર અને તમિળનાડુની રાજનિતીમાં ભૂકંપ સર્જનાર અપ્રમાણ સંપત્તિ કેસમાં કર્ણાટક હાઈકોર્ટ દ્વારા નિર્દોષ છોડી મુકવામાં આવ્યા બાદ અન્નાદ્રમુકના નેતા જયલલિતા ગઈકાલે પાર્ટી ધારાસભ્યોની યોજાયેલી બેઠકમાં પાર્ટીના નેતા તરીકે સર્વસંમતિથી ચૂંટાઈ આવ્યા હતા. આની સાથે જ તેમની તમિળનાડુના મુખ્યપ્રધાન તરીકે તાજપોશીનો માર્ગ મોકળો થઈ ગયો હતો.ગઈકાલે યોજાયેલી પાર્ટીના ધારાસભ્યોની બેઠક માત્ર પાંચ મિનિટ સુધી જ ચાલી હતી. બીજી બાજુ જયાની ગેરહાજરીમાં મુખ્યપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી રહેલા પન્નીરસેલ્વમે રાજુનામુ આપી દીધુ હતુ. જયલલિતા મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા બાદ ચેન્નાઈ મત વિસ્તારમાંથી ચુંટણી લડે તેવી શક્યતા છે. કારણકે, ધારાસભ્ય બન્યા બાદ છ મહિનાની અંદર તેમને શપથ લેવા પડશે.અત્રે ઉલ્લેખનીય છે કે, કર્ણાટક હાઈકોર્ટની ખાસ બેંચે અપ્રમાણ સંપત્તિ કેસમાં ૧૧મી મેના દિવસે તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન અને અન્નાદ્રમુકના નેતા જયલલિતાને આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. ટુંકી સુનાવણી દરમિયાન જ કોર્ટે તેનો ચુકાદો આપ્યો હતો. હાઈકોર્ટે તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન જે. જયલલિલાને આવરી લેતા ૬૬.૬૫ કરોડના ભ્રષ્ટાચારના કેસમાં તેનો ચુકાદો જાહેર કરતાની સાથે જ તેમના સમર્થકોમાં રાહતનુ મોજુ ફેલાઈ ગયું હતુ. કર્ણાટક હાઈકોર્ટે નીચલી કોર્ટના ચુકાદાને બિલકુલ બદલી નાંખ્યો હતો.કોર્ટે નીચીલી કોર્ટના ચુકાદાને ફગાવીને જયાને નિર્દોષ જાહેર કર્યા હતા. ગયા વર્ષે ૨૭મી સપ્ટેમ્બરના દિવસે બેંગલોરમાં ટ્રાયલ કોર્ટે જયલલિતા અને અન્ય ત્રણને અપરાધી ઠેરવ્યા હતા. કોર્ટે જયલલિતાને ચાર વર્ષની જેલની સજા અને ૧૦૦ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. અન્ય ત્રણને પણ જેલની સજા ફટકારી હતી. જો કે જયા હવે મુશ્કેલ તબક્કામાંથી બહાર નિકળી ગયા છે. પાંચમી વખત ફરી મુખ્યપ્રધાન બન્યા છે.



મોંઘવારી કાબુ હેઠળ છે પણ કૃષિ પરિસ્થિતિ પડકારરૂપ છે : જેટલી

નવી દિલ્હી,તા. ૨૩

નાણાં મંત્રી અરૂણ જેટલીએ આજે કહ્યું હતું કે, છેલ્લા એક વર્ષના ગાળામાં મોંઘવારી કાબુ હેઠળ રહી છે પરંતુ વૈશ્વિક અર્થતંત્ર અને કૃષિની પરિસ્થિતિ તથા સ્થાનિક મૂડીરોકાણના પરિણામ સ્વરૂપે ભારતીય અર્થતંત્ર સામે કેટલાક નવા પડકારો ઉભા થઈ ગયા છે. મોદી સરકારની સત્તામાં એક વર્ષની પૂર્ણાહુતિ થવાના પ્રસંગે જોરદાર કાર્યક્રમો ભાજપ સરકાર દ્વારા યોજવામાં આવી રહ્યા છે. મોદી સરકારની સિદ્ધીઓ ઉપર પ્રકાશ ફેંકવામાં આવી રહ્યો છે. જેટલીએ કહ્યું છે કે, અર્થતંત્રને વધુ ઝડપથી આગળ વધારવા માટે અમે કટિબદ્ધ છીએ. કોંગ્રેસ દ્વારા બિનજરૂરી હોબાળો મચાવવામાં આવી રહ્યો છે. કોંગ્રેસ દ્વારા વિકાસ વિરોધી અને લોકવિરોધી એજન્ડાને આગળ વધારવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. છેલ્લા એક વર્ષના ગાળામાં મોંઘવારીને મોટાભાગે કાબુમાં લેવામાં અમે સફળ રહ્યા છીએ. એકંદરે ફુગાવાની સ્થિતિ ઘણી સારી રહી છે. ભાજપ હેડક્વાર્ટર ખાતે પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે આ મુજબની વાતો કરી હતી. આંતરરાષ્ટ્રીય તેલ અને કોમોડીટીની કિંમતમાં ઘટાડો થયો છે જેથી ફુગાવો કાબુમાં આવ્યો છે. સરકારે ફુડ ફુગાવાને કાબુમાં લેવા પ્રયાસો કર્યા છે જેથી હોલસેલ અને રિટેલ ફુગાવાની સ્થિતિ ૧૧ ટકાથી ઘટીને હવે નીચી સપાટીએ પહોંચી છે. અર્થતંત્ર સામે રહેલા પડકારો અંગે પુછવામાં આવતા નાણાં મંત્રીએ કહ્યું હતું કે, વૈશ્વિક આર્થિક સ્થિતિ અને સ્થાનિક કૃષિ ચિત્ર ખૂબ જ પડકારરૂપ છે. સ્થાનિક મૂડીરોકાણ વધ્યું છે છતાં ઘણા પડકાર રહેલા છે. સરકાર દ્વારા લેવાયેલા પગલાની વાત કરતા જેટલીએ કહ્યું હતું કે, ફાઈનાન્સિયલ ઈન્ક્લુશન અને સામાજિક સુરક્ષા યોજનાઓને મોટાપાયે સફળતા મળી છે. ૧૫ કરોડ જનધન ખાતાઓ ખોલવામાં આવી ચુક્યા છે. ૭.૫ કરોડ લોકો જન સુરક્ષા અને જીવન જ્યોતિ સ્કિમ હેઠળ આવરી લેવાયા છે. તેમણે એમપણ કહ્યું હતું કે, સરકાર નજીકની અવધિમાં ૪૦-૫૦ ટકા સુધી વીમા કવરેજને લઈ જવા ઈચ્છુક છે. માત્ર ૧૧ ટકા વસ્તી પેન્શન યોજના ધરાવે છે ત્યારે અટલ પેન્શન યોજના વધુ સંખ્યામાં લોકોને આવરી લેશે. જો ભારત ૭.૫ ટકાના દરે આગળ વધશે તો વધારે સંતોષ થશે અમે આના માટે પગલા પણ લઈ રહ્યા છીએ.

એમ્સમાં પીજી સીટ વધારવા મોદી સરકારની અંતે મંજુરી

નવી દિલ્હી,તા. ૨૩

કેન્દ્રિય આરોગ્ય મંત્રાલય દ્વારા દેશભરમાં સ્પેશિયાલિસ્ટોની તકલીફને દુર કરવા માટે હવે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ફોર મેડિકલ સાયન્સ (એમ્સ)માં ચાવીરૂપ વિભાગોમાં પોસ્ટગ્રેજુએટ સીટોમાં વધારો કરવાને લીલીઝંડી આપી દીધી છે. એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે જે વિભાગને વધારે પ્રમાણમાં પીજી સીટ મળનાર છે તેમાં ગાયનેકોલોજી, પેડિયાટ્રીક્સ, બર્ન્સ એન્ડ પ્લાસ્ટિક સર્જરી, ઈમરજન્સી મેડીસીન તેમજ બાયોટેકનોલોજીનો સમાવેશ થાય છે. મધર એન્ડ ચાઈલ્ડ જેવા વિભાગમાં બાળકોની સંખ્યાને બેગણી કરી દેવામાં આવનાર છે. હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે સુપર સ્પેશિયાલિસ્ટ તબીબોની ભારે અછત દેખાઈ રહી છે. આ ક્ષેત્રોમાં તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર ઉભી થઈ છે. અધિકારીના જણાવ્યા મુજબ સુવિધાને વધારી દેવા માટે પહેલાથી જ ઈન્ફ્રાસ્ટકચરમાં સુધારા કરવામાં આવી ચુક્યા છે. કટલાક વિભાગો માટે અલગ બ્લોક પણ બનાવવામા આવી રહ્યા છે. મળેલી માહિત મુજબ ગાયનેક, પેડિયાટ્રીકસ જેવા વિભાગોમાં પોસ્ટગ્રેજુએટ સીટને ૨૨થી વધારીને ૪૪ કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૭-૧૮ સુધી આ કવાયતને પૂર્ણ કરવામાં આવનાર છે. જ્યારે બર્ન્સએન્ડ પ્લાસ્ટિક સર્જરીમાં સીટોને વર્ષ ૨૦૧૭ના અંત સુધી ૧૨થી વધારીને ૨૫ સુધી કરવામાં આવનાર છે. કેટલાક પ્રવાહમાં સંસ્થાઓ વધારે ફેકલ્ટી અને કુશળ લોકોને સામેલ કરનાર છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલમા દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં તબીબ અને દર્દી વચ્ચે રેશિયો ચિંતાજનક છે. ભારતમાં ૧૭૦૦ લોકોની અંદર માત્ર એક તબીબ છે. ઈન્સ્ટીટ્યુટમાં તમામ પ્રકારની સુવિધાઓ રહે તેની ખાતરી કરવાના પ્રયાસ કરવામાં આવશે. એમ્સ દ્વારા હાલમાં સુવિધાઓને અતિઆધુનિક બનાવવાની હિલચાલ ચાલી રહી છે. આગામી બે વર્ષની અંદર બેઠકોની સંખ્યામાં અનેક ગણો વધારો કરવામાં આવનાર છે. તબીબોની અછત ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં કામ કરવાની તબીબોની ઈચ્છા હોતી નથી, જેથી કુત્રિમ અછત પણ ઉભી થઈ જાય છે.

ચેન્નાઈ અને મુંબઈની વચ્ચે આજે ફાઈટ ટુ ફિનિશ જંગ

કોલકત્તા,તા. ૨૩

કોલકત્તાના ઐતિહાસિક ઈડન ગાર્ડન ઉપર આવતીકાલે ઈન્ડિયન પ્રીમિયર લીગ-૮ની ફાઈનલ મેચ રમાનાર છે. ફાઈનલ મેચને લઈને ભારે રોમાંચની સ્થિતિ જોવા મળી રહી છે. આ ફાઈનલ મેચ ચેન્નાઈ સુપર કિંગ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રમાનાર છે. બન્ને ટીમો વચ્ચે ફાઈટ ટુ ફિનીશ મેચને જોવા માટે મોટી સંખ્યામાં ક્રિકેટ ચાહકો પહોંચે તેવી શક્યતા છે. સમગ્ર કોલકત્તામાં આ મેચને લઈને ભારે રોમાંચકતા જોવા મળી રહી છે. ચારેયબાજુ ક્રિકેટ ફિવર છે. મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ચેન્નાઈ સુપર હોટફેવરીટ બનેલી છે. બે વખત અગાઉ ચેમ્પિયન બની ચુકેલ ચેન્નાઈ સુપરની ટીમમાં અનેક સ્ટાર ખેલાડીઓ રહેલા છે જેમાં સુરેશ રૈના, રવિચંદ્રન અશ્વીન, રવિન્દ્ર જાડેજા, આશિષ નેહરાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બ્રાવો પણ શાનદાર ફોર્મમાં દેખાઈ રહ્યો છે. છેલ્લી મેચમાં હસીએ પણ રંગ જમાવ્યો હતો. બીજીબાજુ રોહિત શર્માના નેતૃત્વમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ અપસેટ સર્જવા માટે ઉત્સુક દેખાઈ રહી છે. રોહિત શર્માના નેતૃત્વ હેઠળની આ ટીમમાં પાર્થિવ પટેલ સારા ફોર્મમાં દેખાઈ રહ્યો છે. ટીમ ઈન્ડિયામાં પસંદગી કરવામાં આવ્યા બાદ હરભજનસિંહ વધુ સારા દેખાવ સાથે ક્રિકેટ ચાહકોનું ધ્યાન ખેંચી શકે છે. માલિંગા, લેન્ડલ સિમન્સ જેવા ખેલાડીઓ ટીમને આગેકૂચ કરાવી શકે છે. આ મેચની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. સમગ્ર કોલકત્તામાં સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી દેવામાં આવી છે. આ મેચનું પ્રસારણ રાત્રે ૮ વાગ્યાથી કરવામાં આવનાર છે.

અણુ હથિયારનો ઉપયોગ અમેરિકા પર થઈ શકે

આઈએસ પાકિસ્તાન પાસેથી પરમાણુ હથિયાર મેળવી શકે

લંડન,તા. ૨૩

ઈસ્લામિક સ્ટેટે દાવો કર્યો છે કે, તે ૧૨ મહિનાની અંદર પાકિસ્તાન પાસેથી પ્રથમ પરમાણુ હથિયારો ખરીદી શકે છે. સાથે-સાથે આનો ઉપયોગ કરવા પણ ઈચ્છુક છે. આઈએસઆઈના ખતરનાક ઈરાદાના સંદર્ભમાં માહિતી સપાટી પર આવ્યા બાદ વિશ્વના દેશોમાં ચિંતા વધી ગઈ છે. તેના પ્રોપેગેન્ડા મેગેઝિન દાબિકમાં આઈએસઆઈએસે દાવો કર્યો છે કે, પાકિસ્તાનમાંથી પરમાણુ બોંબ ખરીદવાની બાબત શક્ય રહેલી છે સાથે-સાથે આ હથિયારોનો ઉપયોગ અમેરિકા માટે કરવામાં આવશે. પરફેક્ટ સ્ટોર્મ નામથી લખવામાં આવેલા લેખમાં એક ખાસ ઓપરેશનનો ઉલ્લેખ કરાયો છે જેમાં ઈસ્લામિક સ્ટેટે પરમાણુ હથિયારો ખરીદવા માટે અબજો ડોલરનો ઉપયોગ કરવાની વાત કરી છે. પ્રદેશમાં ભ્રષ્ટ અધિકારીઓ સાથે સંબંધ ધરાવનાર શસ્ત્ર ડિલરો મારફતે હથિયાર ખરીદી શકાય છે તેવી વાત કરાઈ છે. જો પરમાણુ હથિયાર ન મળે તો હજારો ટન અમોનીયમ નાઈટ્રેટ વિસ્ફોટક મળી શકે છે. તેનાથી પણ ઘાતક હથિયાર બની શકે છે. અમેરિકામાં પરમાણુ હથિયાર કઈ રીતે દાણચોરીથી પહોંચાડી શકાય છે. લેખમાં ઉલ્લેખ કરાયો છે કે આ બાબત ચોક્કસપણે મુશ્કેલરૂપ છે પરંતુ વેસ્ટર્ન ઈન્ટેલીજન્સ સંસ્થાઓમાં ચોક્કસપણે દહેશત ફેલાઈ ગઈ છે. તમામ બાબતો શક્ય રહેલી છે. વર્ષ ૨૦૦૨માં અપહરણ બાદથી આઈએસના સકંજામાં રહેલા બ્રિટીશ ફોટો જર્નાલિસ્ટ દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. લેખમાં જણાવાયુંછે કે, ઈસ્લામિક સ્ટેટના પ્રદેશ એક સરહદથી બીજા પ્રદેશમાં જોડાઈ રહ્યા છે. તેના અંકુશના વિસ્તાર પણ વધી રહ્યા છે. ઈસ્લામિક સ્ટેટના શખ્સો વેસ્ટર્ન વિશ્વ સુધી પહોંચી શકે છે. યુટ્યુબ ઉપર પણ આઈએસઆઈએસના પ્રોપેગેન્ડા વીડિયોપૈકીના કેટલાક મુકવામાં આવી ચુક્યા છે. એક વર્ષની અંદર પરમાણુ હથિયારો મેળવી શકે છે તેવા અહેવાલથી ખળભળાટ મચી ગયો છે. બે વર્ષથી પણ વધુ સમયથી આ ફોટો જર્નાલિસ્ટને આઈએસ દ્વારા બાનમાં રાખવામાં આવ્યો છે.

પારિકર એલઓસી પરની અગ્રીમ ચોકી પર પહોંચ્યા

જમ્મુ,તા. ૨૩

સંરક્ષણ પ્રધાન મનોહર પારિકરે આજે અંકુશરેખા પર અગ્રીમ વિસ્તારોની મુલાકાત લીધી હતી અને જમ્મુ-કાશ્મીરના રાજોરી-પુંછ સેક્ટરમાં લેવામાં આવેલા ઘુસણખોરી વિરોધી પગલા અને સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. સંરક્ષણ પ્રધાન બન્યા બાદ રાજ્યની પ્રથમવાર મુલાકાતે પહોંચેલા પારિકરની સાથે સેનાના વડા દલબીરસિંહ સુહાગ પણ રહ્યા હતા. આ ઉપરાંત ૧૬ કોર્પ્સ કમાન્ડર લેફ્ટી જનરલ કેએચ સિંહ પણ રહ્યા હતા. આ તમામ હમીરપુર બટાલિયન સેક્ટરમાં એલઓસી ઉપર અગ્રીમ ચોકીની મુલાકાત લેશે. જ્યાં તેઓએ ઘુસણખોરી વિરોધી પગલાની ટોપ કમાન્ડરો સાથે ચર્ચા કરી હતી. પારિકરે એલઓસી ઉપર સૈનિકો સાથે પણ વાતચીત કરી હતી. આ ઉપરાંત ચોકીઓ ઉપર તેમની જાગૃતિના સંદર્ભમાં માહિતી મેળવી હતી.

સંરક્ષણ પ્રવક્તા લેફ્ટી કર્નલ મનીષ મહેતાએ આજે આ મુજબની માહિતી આપી હતી. જનરલ ઓફિસર કમાન્ડિંગ ૧૬ કોર્પ્સ લેફ્ટી જનરલ સિંહે સંરક્ષણ પ્રધાનને સુરક્ષા પરિસ્થિતિ અંગે માહિતી આપી હતી. મુલાકાત બાદ સંરક્ષણ પ્રધાન ત્રિકુટા પહાડીમાં જવા રવાના થયા હતા, જ્યાં તેઓ માતા વૈષ્ણોદેવીના દર્શન કરવા રોકાયા હતા. ગઈકાલે પારિકરે શિયાચીન ગ્લેશિયર સેક્ટરની મુલાકાત લીધી હતી અને ટોપ કમાન્ડરો સાથે વાત કરી હતી.

વન રેન્ક વન પેન્શન સ્કિમને અમલી કરવા રાહુલની માંગ

નવી દિલ્હી,તા. ૨૩

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે સેનાના પૂર્વ જવાનો સાથે વાતચીત કરી હતી અને વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરી હતી. વન રેન્ક વન પેન્શન સ્કિમના બિનઅમલીકરણ અંગે સરકાર પર પ્રહાર કરતાં કોંગ્રેસના યુવરાજે કહ્યું હતું કે, અમે શક્ય તેટલી વહેલી તકે આને અમલમાં મુકવા માટે પ્રયાસ કરીશું અને કેન્દ્ર સરકાર પર દબાણ લાવીશું. પાર્ટીના એક્સ સર્વિસમેન સેલથી પ્રતિનિધિ મંડળ સાથે વાતચીત કર્યા બાદ ગાંધીએ કહ્યું હતું કે, યુપીએ સરકારે આ સ્કીમ માટે ઘણી બધી જોગવાઈઓ કરી છે. સાથે-સાથે નાણાંની ફાળવણી પણ કરી છે. પરંતુ નરેન્દ્ર મોદી સરકાર આ સ્કિમને અમલી બનાવવામાં સફળ રહી નથી. મોદી સરકાર કેન્દ્રમાં આવ્યાને એક વર્ષ થવા આવ્યું છે, ત્યારે સરકારે આ મુદ્દા સાથે આગળ વધવાના કોઈ સંકેત આપ્યા નથી. એક્સ સર્વિસમેન સરકારના દ્વાર ખખડાવી ચુક્યા છે પરંતુ કોઈપણ બાબત અમલી બની નથી. આર્મી, નેવી અને એરફોર્સના લોકો દેશની કાળજી લે છે. અમારી સરહદો તેમના કારણે જ સુરક્ષિત છે ત્યારે તેમની માંગણી તરફ જ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. એઆઈસીસીના હેડક્વાર્ટર ખાતે પ્રતિનિધિ મંડળ સાથે વાતચીત કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે અમે જંગી નાણાની ફાળવણી કરી છે. સાથે-સાથે ઘણા બધા પગલા પણ લીધા છે. અગાઉની સરકારે તમામ તૈયારીઓ કરીને આપી હતી. પરંતુ એક વર્ષના ગાળા બાદ પણ કોઈ પગલા લેવાયા નથી. વન રેન્ક વન પેન્શન સ્કિમ વહેલી તકે અમલી બને તે ખૂબ જ જરૂરી છે. અમે સરકાર પર દબાણ લાવી રહ્યા છીએ. સરકાર વહેલી તકે નિર્ણય કરે તે ખૂબ જરૂરી છે. રાહુલ ગાંધી લાંબી રજા બાદ પરત ફર્યા પછી જુદા-જુદા વિષયોને લઈ આક્રમક દેખાઈ રહ્યા છે અને સંવેદનશીલ મુદ્દા ઉઠાવીને એનડીએ સરકારની મુશ્કેલીઓને વધારવાના પ્રયાસ કરી રહ્યા છે.

મેગી નુડલ્સના પેક લેબ ટેસ્ટિંગ માટે મોકલાયા

મુંબઈ,તા. ૨૩

ફુડ્સ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન દ્વારા હવે મેગી નુડલ્સ મામલામાં તપાસ આગળ વધારાઈ છે. ઉત્તરપ્રદેશ બાદ હવે મહારાષ્ટ્રમાં એફડીએ દ્વારા લેબ ટેસ્ટિંગ માટે મેગી નુડલ્સ મોકલવામાં આવ્યા છે.

આ પ્રોડક્ટને પરત ખેંચતા પહેલાં આ ચકાસણી કરવામાં આવનાર છે. ઉત્તરપ્રદેશ એફડીએ દ્વારા રેડી ટુ કુક નુડલ્સમાં એમએસજી અને લીડનું પ્રમાણ રહેલું છે. લીડનું પ્રમાણ ખૂબ ઉંચુ હોવાનો દાવો કરાયો છે. રાજ્યમાંથી પણ આને પરત ખેંચવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં મેગી નુડલ્સ પ્રોડક્ટ સામે નવી સમસ્યા ઉભી થઈ રહી છે. રાજ્યના જુદા-જુદા ભાગોમાંથી પ્રોડક્ટના સેમ્પલ એકત્રિત કરવામાં આવી રહ્યા છે. પૂણે, નાગપુર, મુંબઈ જેવા ભાગમાંથી સેમ્પલ એકત્રિત કરાયા છે.

આઈપીએલ કૌભાંડ સંદર્ભે ૨૯મી જુને આરોપો ઘડાશે

નવી દિલ્હી,તા. ૨૩

દિલ્હી કોર્ટ ઈન્ડિયન પ્રીમિયર લીગ-૨૦૧૩ સ્પોટ ફિક્સિંગ કેસમાં આરોપો ૨૯મી જુનના દિવસે ઘડશે. તે છઠ્ઠી જુન સુધી આરોપીઓ પાસેથી લેખિત રજુઆતોનો સ્વિકાર કરશે. ભારે ખળભળાટ મચાવનાર આ ચકચારી કેસમાં ત્રણ ખેલાડીઓ સામેલ છે જેમાં રાજસ્થાન રોયલ્સના ક્રિકેટરોનો સમાવેશ થાય છે. જેમાં પ્રતિબંધિત ટેસ્ટ સ્પીડ સ્ટાર એસ શ્રીસંતનો સમાવેશ થાય છે. કોર્ટ સ્પેશિયલ સેલ ઓફ દિલ્હી પોલીસના આરોપો અંગે તેના આદેશ આપશે. દિલ્હી પોલીસના ખાસ સેલે તેમના અંગે તમામ માહિતી મેળવી લીધી છે. ખેલાડીઓએ ઈન્ડિયન પ્રીમીયર લીગ ૨૦૧૩માં મેચો ફિક્સ કરી હતી. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે આ કેસમાં આરોપી સામે ચાર્જશીટ દાખલ કરી હતી. અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ અને તેના સાથી છોટા શકિલનો પણ આરોપીઓમાં સમાવેશ થાય છે. અગાઉ શ્રીસંત, અજીત ચંદીલા, અંકિત ચૌહાણ પર બીસીસીઆઈ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. મેચ ફિક્સિંગ અને સટ્ટા કૌભાંડની અસરથી ક્રિકેટ વર્લ્ડ હચમચી ઉઠ્યું હતું. બીસીસીઆઈના પૂર્વ વડા એસ શ્રીનિવાસન પણ મુશ્કેલીમાં મુકાયા હતા. સુપ્રીમ કોર્ટની દરમિયાનગીરી આમાં કરવામાં આવી હતી. આઠમી મેના દિવસે એડિશનલ સેશન જજ નીના બંસલને આરોપો ઘડવા અંગે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટર રાજીવ મોહને તેમની દલીલોના સમર્થનમાં લેખિત રજુઆતો કરી હતી. પોલીસ દ્વારા અગાઉ સમગ્ર મામલામાં તપાસ કરાઈ હતી. ડિફેન્સ વકીલે એવી દલીલો કરી હતી કે, કેસમાં આરોપો ઘડવા માટે તમામ સામે પુરાવા રહેલા છે. ગયા વર્ષે જુન મહિનામાં કોર્ટે શ્રીસંત, ચૌહાણ અને અન્યને મકોકાની જોગવાઈ હેઠળ તેમની સામે પુરાવાના અભાવે જામીન આપી દીધા હતા. ચંદીલાને પણ જામીન મળી ગયા હતા.